# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૫/ક્વા-03/૨૦૨૦-૨૧/૧૦ તા.૧૧.૦૧.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૬૫/ક્વા-03/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી હરીશભાઈ શંભુપ્રસાદ દેશાઈ ગામ – જુનાગઢ

સબડીવીઝન: વંથલી

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જુનાગઢ-૨

**:: કોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

તારીખ: મંગળવાર (૨૯.૧૨.૨૦૨૦)

**:: અરજદારની રજૂઆત ::**

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમો ફરિયાદીની હકીકત નીચે મુજબ છે.

જુનાગઢ જિલ્લાના વંથલી તાલુકાના મોજે કોયલી ગામની સીમમાં આવેલ સર્વે નંબર ૩૦૭ ની અમારી ખેતીની જમીન ઉપરના રહેણાંકના મકાનમાં અમો ગ્રાહક નંબર ૮૮૭૧૦/૦૧૧૬૩/3 થી વીજ જોડાણ ધરાવીએ છીએ પરંતુ આ વીજ જોડાણ આપવામાં આવ્યું ત્યારથી જ એકદમ લો વોલ્ટેજ મળતા હોવાથી અમો વીજ વપરાશ કરી શકતા નથી.

આ અંગે વારંવાર રજૂઆતો કરવા છતાં પૂરતા વોલ્ટેજ આપી શકાતા નથી. તે અંગેનું એક કારણ એવું બતાવવામાં આવે છે કે આ વીજ જોડાણ તે સિંગલ ફેઝ જોડાણ ખેતી વિષયક લાઇનમાંથી આપવામાં આવેલ છે તેથી આ તકલીફ રહેવાની છે વિશેષમાં એમ કહેવાય છે કે ખેડૂત જો થ્રી ફેઝ જોડાણ સિંચાઈ માટે લે તો જ ખેતીની જમીન ઉપર રહેલ મકાનમાં વીજ જોડાણ મળી શકે અગર

તો ખેતીની જમીન ઉપરના મકાનને બિનખેતી કરાવવામાં આવે તોજ ૨૪ કલાક સતત લાઈટ આપી શકાય. આ અમારી જમીન ની આજુબાજુ બિનખેતીમાં સ્કૂલ, શોરૂમ, હોટલો તથા સૂચિત રિસોર્ટ આવેલ છે. જેઓને ૨૪ કલાક પૂરતા વોલ્ટેજથી વીજ મળે છે તો તે લાઇનમાંથી અમોને જોડાણ આપી શકાય તેમ છે.

પીજીવીસીએલ કંપની લિમિટેડ તે ધી ઇલેક્ટ્રિસિટી એકટ ૨૦૦૩ (ટૂંકા માટે ૨૦૦૩ નો કાયદો) હેઠળ લાયસન્સ હોલ્ડર છે અને ગ્રાહકને વીજ જોડાણ આપવા બંધાયેલ છે અને આ માટે કાયદા મુજબ વિજ જોડાણ જે પ્રતિષ્ઠાન માં આપવાનું હોય છે તેમાં લાયસન્સની શરતો મુજબનું ફીટીંગ છે કે કેમ તે જોવાનું રહે છે પરંતુ સૂચિત જોડાણ વાડીજગ્યા નો ટાઈટલ જમીનનો પ્રકાર વગેરે જોવાની સત્તા નથી. આ કંપનીએ તો ગેરકાયદે ઝુપડપટ્ટીમાં, રોડ સાઇડ ઉપર ની કાચી કેબિનોમાં પણ જોડાણ આપેલ છે ત્યારે માત્ર ખેડૂતનું રહેણાક નું મકાન ખેતીની જમીન ઉપર છે તેવા કારણ માત્રથી ૨૪ કલાક વીજ જોડાણ ન આપવું તે ગેરબંધારણીય છે તે એ રીતે કે ખેતી અને બિન ખેતી ના તફાવત વાળી મિલકત ધારકો વચ્ચે અન રિઝનેબલ ભેદભાવ છે આથી આવા કોઈ નિયમ હોય તો પણ ગેરબંધારણીય છે.

ઉપર ની સમગ્ર વિગતોએ અરજ કે:-

(૧) પીજીવીસીએલ, (વંથલી સોરઠ, જીલ્લો જુનાગઢ) ને અમારા ઉકત સર્વેનંબર ૩૦૭ મોજે કોયલી ની જમીન ઉપર આવેલ રહેણાંકના મકાન ને આપવામાં આવેલ જોડાણ ૨૪ કલાક પૂર્ણ વોલ્ટેજથી વીજ સપ્લાય મળી રહે તેવી વીજ લાઈન માંથી જોડાણ કરી આપવા હુકમ કરવા અરજ છે.

(૨) આ ઉપરાંત કાયદા તેમજ હકીકતથી મળી શકતી અન્ય જરૂરી દાદ આપવા અરજ છે.

આ બાબતે અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ સદર ગ્રાહક શ્રી ની તા. ૨૧.૧૨.૨૦૨૦ ના રોજ પાવર સપ્લાય અંગે સીજીઆરએફ માં ફરિયાદ કરેલ હતી.પરંતુ ત્યારબાદ તા. ૨૯.૧૨.૨૦૨૦ ના રોજ વંથલી સ.ડી. દ્વારા સદર ગ્રાહક ની તમામ ફરિયાદ નું નિવારણ થતાં તેમણે આ ફરિયાદ પરત ખેંચેલ છે.

૨.૧ આથી ઉપરોક્ત બાબતે ગ્રાહકને તેમની ફરીયાદ/રજુઆત અન્વયે સંતોષકારક નિરાકારણ થયેલ હોય આથી અરજદારશ્રીની ફરીયાદનું સંતોષકારક નિવારણ થતા અરજદારશ્રી એ તે બદલ અત્રેની જુનાગઢ રૂરલ-૨ વિભાગીય કચેરીએ રૂબરૂ તારીખ-૨૯.૧૨.૨૦૨૦ નાં રોજ આવી સમાધાન પુર્શીશમાં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

3.0 અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૧ મુજબ પીજીવીસીએલ કંપની ની જુનાગઢ રૂરલ-૨ વિભાગીય કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ જુનાગઢ રૂરલ-૨ વિભાગીય કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા.૨૯.૧૨.૨૦૨૦ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષા એથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

૩.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

૩.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડયા
સ્વતંત્ર સભ્ય

શ્રી બી.પી.બુચ
ચેરપર્સન